ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૩-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

અણ્ણા ઈફેક્ટનાં વળતાં પાણી

અણ્ણા હજારેના જનલોકપાલ આંદોલન વખતે પ્રજામાં એક નવી આશા અને ઉમંગનો સંચાર થયો હતો. ભારતની લોકશાહીમાં પેસી ગયેલા ભ્રષ્ટાચારના સડાને દૂર કરવા કોઈ દેવદૂત ઊતરી આવ્યા હોય એમ અણ્ણા હજારે એમના ખોબા જેવડા રાલેગણ સિદ્ધિ ગામના પાદરમાંથી સીધા જ દિલ્હીના રામલીલા મેદાનમાં ખાબક્યા હતા. મીડિયાએ એમને હદ બહારનું મહત્વ આપીને ગાંધી અને જયપ્રકાશ નારાયણની પંગતમાં બેસાડી દીધા હતા. પરંતુ એ જ અણ્ણાની રાષ્ટ્રવ્યાપી અસર લોકસભાની ચૂંટણી આવતાં આવતાંમાં કેવી વેરવિખેર થઈ ગઈ, તે આપણે નજર સમક્ષ જોઈ રહ્યા છીએ. ભ્રષ્ટાચાર નાબૂદીનો નારો લઈ કેન્દ્ર સરકાર અને વિશેષ પણે કોંગ્રેસ સામે મેદાને પડેલા અણ્ણામાં તે વખતે મુખ્ય વિરોધ પક્ષ એવા ભારતીય જનતા પક્ષને તારણહાર દેખાવા લાગ્યો હતો. અણ્ણાનાં અનશન વખતે સામે ચાલીને અરુણ જેટલી જેવા નેતાઓ એમના સમર્થનમાં ધસી ગયા હતા કારણ કે આ અલ્પશિક્ષિત વૃદ્ધ મહારાષ્ટ્રી સમાજસેવકને તમામ સમસ્યાઓના મૂળમાં કોંગ્રસની નહેરુવંશી નેતાગીરી અને એની આસપાસ ફેરફુદરડી ફરતા ભ્રષ્ટ કોંગ્રેસીઓ કે એમને સમર્થન સાથે સત્તા ભોગવતા શરદ પવાર જેવા નેતાઓ દેખાતા હતા. આશ્ચર્યની વાત એ હતી કે અણ્ણાએ કયારેય રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની કે ભારતીય જનતા પાર્ટીના ભ્રષ્ટ નેતાઓની ટીકા નહોતી કરી. તેથી અણ્ણાનું આંદોલન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા પ્રેરિત અને સમર્થિત હોવાની છાપ પણ ઊભી થઈ હતી. અવારનવાર બાબા રામદેવ પણ એમની સાથે જોડાયેલા રહેતા હતા. પરંતુ ખરી તકલીફ તો જ્યારે અણ્ણાને રાલેગણ સિદ્ધિ જેવા અજાણ્યા ગામડામાંથી દિલ્હી જેવા આંતરરાષ્ટ્રીય મહાનગરમાં લઈ આવનાર એમના 'હનુમાન' ગણાતા કેજરીવાલ સાથે અન્ય કેટલાક અણ્ણા સમર્થકોને વાંધો પડ્યો ત્યારે શરૂ થઈ હતી. કેજરીવાલ રાજકીય પાર્ટી બનાવે એમાં અણ્ણાને શરૂઆતના તબક્કે કોઈ વાંધો નહોતો. પરંતુ રાજકારણની આંટીઘૂંટીઓથી અજાણ અણ્ણા અરવિંદ કેજરીવાલ એમના નામે તરી જવા માગતા હોવાની કાનભંભેરણી કરીને ભાજપ તરફી વલણ ધરાવતાં કિરણ બેદી જેવાં અણ્ણા સમર્થકોએ પક્ષીય રાજકારણથી અળગા રહેવા પ્રેર્યા, પરિણામે શરૂઆતમાં જે અણ્ણા અરવિંદ કેજરીવાલ પર ઓળઘોળ હતા તે એમને આશીર્વાદ આપવા જેટલી ઉદારતા પણ ન દાખવી શકયા. અણ્ણાના અણગમા અને કિરણ બેદીના ખુલ્લા વિરોધ છતાં અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીએ કોંગ્રેસના ટેકોથી સરકાર પણ બનાવી દીધી. બીજી તરફ કેન્દ્ર સરકાર દ્વારા રજૂ થયેલ અને ભાજપના સમર્થનથી પસાર થયેલ લોકપાલ બિલથી તેઓ સંતુષ્ટ થઈ ગયા. પરંતુ અભ્યાસી અરવિંદ કેજરીવાલ સરકારી લોકપાલને લૂલું લંગડું દર્શાવી સંપૂર્ણ જનલોકપાલના મુદ્દે એમનું રાજકારણ ચલાવતા રહ્યા. અણ્ણા સાથેનો વાતચીતનો દોર સુધ્ધાં તૂટી ગયા છતાં કેજરીવાલ અને એમના વફાદાર સાથીઓ એમને આવડતું એવું રાજકારણ રમતા રહ્યા. અણ્ણાએ એમને સત્તાના લાલચુ સુધ્ધાં કહી દીધા, અને છતાં અરવિંદ કેજરીવાલ કે એમના સમર્થકોએ અણ્ણા વિરુદ્ધ ઊનો હરફ સરખો ન ઉચ્ચાર્યો. તેથી ધૂંધવાયેલા અણ્ણાએ આખરે રાજકારણમાં પોતાનું વજૂદ દર્શાવવા લોકતંત્રને સુધારવા માટે એમના કેટલાક અગત્યના પ્રશ્નોની પ્રશ્નાવલી દરેક રાજયના મુખ્યમંત્રીને મોકલી આપી, જેનો પશ્ચિમ બંગનાં મુખ્યમંત્રી મમતા બેનરજીને બાદ કરતાં નરેન્દ્ર મોદી સહિત કોઈએ પ્રતિસાદ ન આપ્યો. અણ્ણાને પોતાનું ઓસરી રહેલું વર્ચસ્વ ટકાવી રાખવા માટે સ્વચ્છ પ્રતિભાવાળા કોઈ રાષ્ટ્રીય નેતાને ટેકો આપવો હતો, તેથી એમણે ગઠબંધન અને મોરચા રચવામાં વ્યસ્ત નેતાઓની સરખામણીએ સીધાંસાદાં લાગતાં મમતા બેનરજીનો પ્રચાર કરવાની તૈયારી દાખવી. આખરે એ મુદ્દે પણ એમણે અવઢવ અનુભવતા હોય એમ રામલીલા મેદાનમાં મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસ દ્વારા આયોજિત જાહેરસભામાં મેદની નહીં ઊમટતાં હાજરી આપવાનું ટાળ્યું. અણ્ણા હજારેના નામની છેલ્લા દોઢેક વરસ દરમિયાન જે વ્યાપક અસર ઊભી થઈ હતી તેનો આ રીતે અને આવો કરુણ રકાસ થશે એની એમને સ્વપ્રે પણ કલ્પના નહીં હોય.

ડભોડા ખાતે ધોરણ-૧૨નું પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યું : વિદ્યાર્થીઓ ખુશ

ચિલોડા, તા. ૧૩

ધોરણ-૧૦-૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઈ ગયો છે ત્યારે ડભોડા ખાતે પ્રથમ વખત ધોરણ-૧૨નું પરીક્ષા કેન્દ્ર ફાળવતા ગ્રામજનો, વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશી જણાતી હતી. તેમજ પ્રથમ દિવસે ધોરણ-૧૦-૧૨ના વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં પ્રથમ પેપર પૂર્ણ કર્યું હતું.

ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતેની એમ.એચ. વિદ્યામંદિરને પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવતા વિદ્યાર્થીઓ આનંદિત થઈ ઉઠ્યા છે. ડભોડાની આજુબાજુના વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટે દહેગામ, ગાંધીનગર, પ્રાંતિજ ખાતે પરીક્ષા આપવા માટે લાંબુ થવું પડતુ હતુ. ત્યારે ડભોડામાં કેન્દ્ર ફાળવતા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે.

આજના પ્રથમ દિવસે કેન્દ્રના વિદ્યાર્થીઓને ગામના અગ્રણીઓ, સરપંચ અરવિંદભાઈ સોલંકી, તાલુકા સદસ્ય, હિંમતસિંહ ઠાકોર, ડભોડિયા હનુમાનજી ટ્રસ્ટી ગણ દ્વારા પરીક્ષાર્થીઓને પુષ્પ અર્પી મોં મીઠુ કરાવી શુભેચ્છાઓ પાઠવી હતી. વિદ્યાર્થીઓએ પરીક્ષાની શરૂઆતમાં દાદાનું ધામ હોવાથી હનુમાન ચાલીસા પાઠ કરી હતી.

પરીક્ષામાં પ્રથમ દિવસે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ ગુજરાતી અને ધોરણ-૧૨ સા.પ્ર.માં નામના મૂળતત્વોનું પેપર આપ્યું હતું. બન્ને પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓ ખુશ જણાતા હતા. કેન્દ્રમાં અંદાજીત ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા.

પરીક્ષામાં વિદ્યાર્થીઓમાં સ્કોર્નો હાઉ વધારે હોવાથી નવર્સ થઈ જતા હોય છે. ત્યારે તંત્ર દ્વારા સ્થાનિક સ્કોર્ડ ન હોવાથી વિદ્યાર્થીઓ ખુશ જણાતા હતા. પ્રથમ દિવસે કેન્દ્રમાં એક પણ ગેરરીતીનો કેસ નોંધાવા પામ્યો નથી. કેન્દ્રની ફરતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત હોવાથી શાંતિપૂર્ણ વાતાવરણ જોવા મળતુ હતુ.

હરિની દૃષ્ટિ...

સારું કર્યું, મારા પોપટ પણ ના જ પાડે છે,
તેર તારીખ, હોળાષ્ટક... ફોર્મ ન જ ભરાય...!

બદલીના પરીપત્રનો અમલ નહી થતા નારાજગીનું મોજુ

અમદાવાદ, તા.૧૩

ગુજરાતમાં ૪૩,૦૦૦થી વધુ આંગણવાડી કેન્દ્રો સરકારની સંકલિત બાળવિકાસ યોજના તળે આઈસીડીએસ વિભાગ હેઠળ ચાલી રહી છે. જેમાં પરજ બજાવી રહેલી આંગણવાડીની મહિલા કાર્યકરો અને હેલ્પર બહેનોની માંગણી મુજબ ગમે ત્યાં બદલી કરવાનો રાજયપાલનો પરિપત્ર થયેલ છે. પરંતુ આ પરિપત્રનો અમલ કરવાના તંત્રના જવાબદાર અધિકાર ઢાગાઢૈયા કરતા હોવાથી આંગણવાડીની અનેક મહિલા કર્મચારી બહેનોને બદલીનો લાભ મળતો નથી. જેના કારણે આંગણવાડી બહેનોમાં રોષ સાથે આક્રોશ સત્તાધીશો સામે જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના નાયક સચિવ સહીથી ક્રમાંક આઈસીડી/૧૦.૨૦૦૯/ ૧૬૫૨/બ મુજબ તારીખ ૩-૧-૧૪ના રોજ થયેલ ઠરાવ મુજબ શહેર કે ગ્રામ્ય વિસ્તારમાં આંગણવાડી કેન્દ્રમાં કાર્યકર/તેડાગર બહેનોની જગ્યા ખાલી હોય અથવા નવી જગ્યા મંજુર થયા ત્યારે ખાલી પડેલ જગ્યાઓ કાયમી રહેઠાણ ધરાવતા હોય પરંતુ અન્ય જિલ્લા કે શહેરમાં ફરજ બજાવતી આંગણવાડીની કાર્યકર અને તેડાગર બહેનોની માંગણીથી એ જગ્યાએ બદલીથી નિમણુંક આપવી અને તેની સત્તા જિલ્લા કક્ષાએ ડીડીઓ તથા શહેરી વિસ્તારમાં મ્યુ. કમિશ્નરને અપાયેલ આ ઠરાવ સરકાર દ્વારા થયેલ હોવા છતાં હવે તેનો અમલ કરવામાં તંત્ર ઉણું ઉતર્યું છે. અને આ પરિપત્રમાં અધિકારીઓ નવેસરથી નોકરી ગણવાનું જણાવતાં હોવાનું જાણવા મળેલ છે. પરંતુ આ પરિપત્રમાં અમલ કરાતો નથી. જેના કારમે આંગણવાડીના બહેનોની બદલી બાબતે પ્રશ્ન ગુંચવાતો રહ્યો છે. આ સરકારના પરિપત્રને સુધારા માટે પુનઃ રાજયપાલને મોકલી અપાયેલ હોવાનું તંત્રના સત્તાધીશો જણાવે છે. પરંતુ આ નવા પરિપત્રમાં રાજયપાલની સહી થતી ન હોય આંગણવાડીની બહેનો બદલીનો પ્રશ્ન પેચીદો બન્યો છે અને આંગણવાડી બહેનોની સમસ્યાઓ ગુંચવાતી રહી છે.

આજે ગાંધીનગરના જ કલાકારો ભજવશે 'હજી આંખોમાં ઊગે છે સપના' નાટક

ગાંધીનગર, તા. ૧૩

સંગીત નાટક અકાદમી દ્વારા પુરસ્કૃત ગાંધીનગરના સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટ લિખિત અને દિગ્દર્શિત નાટક હજી આંખોમાં ઊગે છે સપનાં આજે સાંજે ડૉ. આંબેડકર હોલ, સેક્ટર-૧૨માં રાત્રે ૯ કલાકે ભજવાશે. આ નાટક ભારતીય સંસ્કૃતિનું સાચું મૂલ્ય એની સામાજિક વ્યવસ્થા અને પારિવારિક સંબંધો આધારીત છે. પરંતુ આજે સમય બદલાઈ રહ્યો છે.

સંવેદના, લાગણી અને સંબંધોનું મૂલ્ય આજે નહિવત થતુ ગયું છે. એવા સમયે આ નાટકમાં એક એવી મા ની ભૂમિકા છે કે જેણે પોતાની પુત્રી માટે થઈને પોતાની આંખોમાં ઊગેલા સપનાઓને આંખોમાં જ રાખીને પોતાની યુવાન દીકરીની આંખોમાં સપના ઊઘાડવા તૈયાર થાય છે પરંતુ પોતાની જ દીકરી જ્યારે પોતાના નામ વિનાના સંબંધને સમજી શકતી નથી ત્યારે બન્ને વચ્ચે થતો સંઘર્ષ-ગેરસમજ અને પરિણામે સર્જાતી સંબંધોની આંટી ઘૂંટી આપણી સામે અનેક પ્રશ્નો ખડા કરે છે. પરંતુ પુત્રી સ્વાતિને જ્યારે સત્ય સમજાય છે ત્યારે એનો પસ્તાવો અને પોતાની માતાના નામ વિનાના સંબંધને એક નામ આપી એની આંખોમાં સપનાં ઉઘાડવાની વાત પ્રેક્ષકોની આંખો પણ ભીની કરી જાય છે.

આ નાટકની સાહિત્યિક ભાષા અને સંવાદો દરેક પાત્રને એક ઊંચાઈ આપે છે તથા દીકરી દ્વારા થતા મમ્મીના લગ્નની ઘટના સ્ત્રી સમાજ અને આજની યુવા પેઢી માટે પણ પ્રેરણાદાયક રીતે રજુ કરવામાં આવી છે. આ નાટક કુટુંબના દરેક સભ્યો સાથે બેસીને જોવાય એવું સ્વચ્છ અને સંવેદનશીલ છે કે જેમાં ગીત અને ગઝલના સંગીત દ્વારા મનના મનોભાવોને પણ અભિનય દ્વારા રજુ કરવામાં આવ્યા છે.

આ નાટકમાં હેતલ ભટ્ટી, દીપલ પરમાર, મેહુલ કવિ, ફાલ્ગુન નંદા, ખુશી વિહોલ, રણજિતસિંહ ઝાલા, પ્રફુલ્લાબેન, સ્મિત શાહ, હિમાની માંકડ તથા ધવલ નાયી અભિનયના અજવાળા પાથરી રહ્યા છે. નાટ્ય નિર્માણ સહાય - ઝલક, શશિકાંત જેઠલુજીયા, લલિત પરમાર તથા સંગીત જયમીન ત્રિવેદીનું છે. આ નાટકની ખાસિયત એ છે આમાં અભિનય કરતા બધા જ કલાકારો ગાંધીનગરા છે. આ નાટક જોવા સૌ કોઈ નાટ્ય રસિકો ભાવકોને જાહેર આમંત્રણ છે. એવું એક જાહેર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

વસંતકુંવરબા કન્યા વિદ્યાલયમાં કિવઝ અને અંતાક્ષરી સ્પર્ધા યોજાઈ

બાશ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય સે.૨૮ ખાતે પૂ. સ્વ. બાપુ સાહેબ નટવરસિંહ સોલંકીની જન્મ શતાબ્દી મહોત્સવમાં વિદ્યાર્થીઓએ પોતાની સંસ્કૃતિના ગૌરવ ભર્યા વારસાને ઓળખે એ હેતુથી ક્વિઝ સ્પર્ધા રાખવામાં આવી હતી. સ્પર્ધા યોજવામાં આવી હતી. આચાર્ય સુપરવાઈઝર, શિક્ષકશ્રીઓ, વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગલીધો હતો.

સિધ્ધાર્થ લો કોલેજનો વાર્ષિકોત્સવ યોજાયો

શહેરમાં સેકટર-૧૬ ખાતે આવેલી સિધ્ધાર્થ લો કોલેજનો ૨૪મો વાર્ષિકોત્સવ ગઈ તા. ૧૨ના રોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. કાયદાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ભાતીગળ સંસ્કૃતિના દર્શન કરાવતા પ્રોગ્રામો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ઘનશ્યામભાઈ અમીન એકઝીકયુટીવ સેક્રેટરી, જયેશભાઈ ભૈરવિયા, વકીલ શંકરસિંહ ગોહિલ, કરણસિંહ વાઘેલા સહિત કર્મચારી ગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ધોરણ-૧૦ની પરીક્ષામાં ત્રણ કોપી કેસો નોંધાયા

આજથી શરૂ થયેલ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં નોંધાયેલ કુલ ૮,૪૬,૬૭૭ વિદ્યાર્થીઓએ હાજર રહીને પરીક્ષા આપી હતી. જ્યારે ૧૨૪૩૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. બીજી બાજુ પરીક્ષા દરમ્યાન અમરેલી, બનાસકાંઠા અને જૂનાગઢ જિલ્લામાં ૧-૧ કોપી કેસ મળીને રાજયમાં કુલ ત્રણ કોપી કેસ નોંધાયા હતા. વિજીલન્સ સ્કોર્ડની ટીમે આ વિદ્યાર્થીઓ વિરૂદ્ધ ત્રણ કોપી કેસ નોંધીને તેમની યાદી શિક્ષણ બોર્ડને મોકલી આપવામાં આવી હતી.

ધોરણ-૧૦ પરીક્ષામાં વિવેકાનંદ અંગે નિબંધ

રાજય સરકાર દ્વારા સ્વામી વિવેકાનંદની જયંતિ ઉજવવામાં આવી હતી. આ માટે શાળાઓમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેની અસર આજથી શરૂ થયેલી ધોરણ-૧૦ની પરીક્ષામાં પણ જોવા મળી હતી. આજે લેવાયેલ ગુજરાતી વિષયની પરીક્ષામાં સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્ર વિષે નિબંધ પુછવામાં આવ્યો હતો. માનવામાં આવી રહ્યું છે કે વિદ્યાર્થીઓ સ્વામી વિવેકાનંદથી પ્રભાવિત થાય તે માટે શિક્ષણ બોર્ડ દ્વારા વિવેદાનંદ વિશે નિબંધ પુછવામાં આવ્યો હતો. પરંતુ સાવેજ વૃક્ષો પર પણ નિબંધ પુછવામાં આવ્યો હતો. જેથી વિદ્યાર્થીઓએ વિવેકાનંદના જીવન ઉપર નિબંધ લખવાની જગ્યાએ વૃક્ષો અંગે નિબંધ લખવાને પ્રાથમિકતા આપી હતી.

હાડહાડમાં હેતુ ભર્યું, જેને વેણવેણ વરદાન, દેખ, ઘરેઘર એ જ બિરાજે, ભૂતળમાં ભગવાન!

માતૃત્વનું વરદાન

હર્ષદ પ્ર. શાહ

એક ચિંતકે કહ્યું છે : 'ભગવાન સુંદર છે, પણ ભગવાનને પોતાનામાં ઝીલી શકે એ હૃદય વધારે સુંદર છે...'

... અને આવું હૃદય માતાનું છે, જે ભગવાનના સ્વરૂપમાં બાળકને અને બાળકના સ્વરૂપમાં ભગવાનને પોતાની ગોદમાં ઝીલે છે. આ સૃષ્ટિ અને પરમેષ્ટિનો સેતુ બાળક છે, જે પરમાત્મા તત્વને પોતાની સાથે લઈ આવે છે અને કોઈક માતાની કૂખે જન્મે છે. આ ધરતી પરની સ્ત્રીઓ માટે જો કોઈ અનેરું વરદાન હોય તો તે માતૃત્વનું!

ઉપનિષદો કહે છે કે ત્યાગીને ભોગવો, પણ ત્યાગીને ભોગવવાનું તો એક માત્ર માતા જ જાણે છે. કવિશ્રી ઉમાશંકર જોશી કહે છે- 'માતાનું ઋણ ચૂકવવા જતાં તો ભગવાનનું યે દેવાળું નીકળે.' મહાભારતકારે કહ્યું છે કે માતા જેવી કોઈ છાયા નથી અને માતા જેવી કોઈ પરબ નથી. માતાને વ્યાખ્યાયિત કરતાં શંકરાચાર્યે કહ્યું છે, 'સંતાન પર સમ્યક અનુશાસન કરે તે માતા.' જે માતા બાળપણમાં બાળકને ભરપૂર લાડ લડાવે છે એ જ માતા બાળકનું તાડન પણ કરે છે... શ્રેય અને પ્રેયનો. ભેદ સમજાવે છે. પ્રેમસભર અને લચીલું અનુશાસન માતા જ પૂરું પાડી શકે. માતા એટલે નિરંતર ખળખળ વહેતું પ્રેમનું ઝરણું. સુરેશ દલાલ કહે છે, 'રડવું હોય તો પિતાનો ખભો મળે, પણ માતાનો તો ખોળો જ મળે!' માતાનાં ગુણગાન કરતી શ્રી મકરંદ દવેની કાવ્યોક્તિ માણવા જેવી છે-

હાડહાડમાં હેતુ ભર્યું, જેને વેણવેણ વરદાન,
દેખ, ઘરેઘર એ જ બિરાજે, ભૂતળમાં ભગવાન!

કવિ પ્રેમાનંદના શબ્દો પણ જુઓ-

ગોળ વિના મોળો કંસાર, માતા વિના સૂનો સંસાર.

કવિ ન્હાનાલાલ વળી કહે છે-

સંસારમાં બ્રહ્મકર્મી સરજનહારી કો હોય તો તે છે જનની કે જગજ્જનની.

એક હિબ્રૂ સુભાષિત છે, 'ઈશ્વરે સૃષ્ટિની રચના કરી, પણ એનાથી બધે પહોંચી વળાયું નહીં એટલે એણે માતાનું સર્જન કર્યું.'

'મા'... એ એક અક્ષરમાં સમસ્ત જગતનાં કાવ્યો, ગ્રંથો અને સાહિત્ય સમાઈ ગયાં છે. જગતનું સમગ્ર અસ્તિત્વ 'માં' ને આભારી છે. દેવીપુરાણે ગાયું છે.-

'માતામાં સાગર જેવું ગાંભીર્ય છે, પૃથ્વી જેવી સહિષ્ણુતા છે, વાયુ જેવી સુગંધવાહિતા છે, ચંદ્રમાં જેવી શીતળતા છે અને આકાશ જેવી ઉદારતા છે.'

... અને માટે જ ઉમાશંકર જોશી કહે છે-

વત્સલ મૂરત, સ્નેહલ સૂરત
હૃદય હૃદયનાં વંદન તને!

'માં'ની કૂખમાં 'નવ' મહિના રહ્યા પછી જેનો જન્મ થાય તે 'મા-નવ.' એવો માનવ કયારેક નગુણો બને અને ભોગ-વિલાસની માયામાં ભાન ભૂલે ત્યારે ભારે અનર્થ સર્જાય છે. એને માતા-પિતાની વેદના અને સંવેદના સ્પર્શતી નથી. એવા સંજોગોને એક કવિહૃદયે શબ્દોમાં આ રીતે આલેખ્યા છે-

પ્રેમ સુધારસ પાઈ પાઈને
એણે તને નભાવ્યો!
એ 'મા'નો પડછાયો પણ
કાં આજ તને ન ભાવ્યો?
મા-બાપની આંખમાં બે વખત આંસુ આવે છે-
દીકરી ઘર છોડે ત્યારે, દીકરો તરછોડે ત્યારે,
સમય એવો આવી શકે કે સંતાનોની લાગણીનાં ફૂલ ખરી પડે,
પણ માતા એવી ઋતુ છે જેને કદી પાનખર આવતી નથી.

દક્ષા વ્યાસ કહે છે-

મા! તું સાદ પાડી- પાડીને થાકી જાય
ને હું ન આવું એવું બને, પણ..
હું 'મા' કહું અને તું મને સોડમાં ના લે
એવું તો ના જ બને..

પ્રેમચંદ કહે છે, 'માનાં બલિદાનોનો બદલો કોઈપણ પુત્ર આપી શકતો નથી, ભલે તે ભૂમંડળનો સ્વામી કેમ ન હોય?' માતા કદી મરતી નથી અને બાળક કદી મોટો થતો નથી. બાળકની ઉન્નતિ કે અવનતિનો આધાર તેની માતા પર જ હોય છે. માતા શીળી છાયા છે જે બાળકને જગતના તાપ, સંતાપ અને પરિતાપથી બચાવે છે. માનવતા અને સંસ્કૃતિનું મહાવિદ્યાલય માતાનાં ચરણોમાં છે.

ભગવાને ઉત્તમ કલાકૃતિ જેવી આ સૃષ્ટિ બનાવી છે. સૃષ્ટિના પ્રત્યેક જીવમાં... પ્રાણી એણે માતૃત્વનો અમીરસ ઠાંસી ઠાંસીને ભર્યો છે. મનુષ્ય વાણીથી અને અન્ય જીવો એમના વ્યવહારથી માતાના અસીમ વાત્સલ્યને પ્રતિસાદ આપે છે. સ્નેહ, સમર્પણ અને સંવેદનાનો ત્રિવેણીસંગમ એટલે માતા. હર્ષદવે માધવ માતાની ગુણગરિમા આ રીતે કરે-

કલ્પવૃક્ષની લેખણ લઈને લખતી
સરસ્વતીને કહેજો કે
ઈશ્વરના ગુણો ખૂટી જાય તો
એમાં ઉમેરી લે માના ગુણો.

બાળકનું હાલરડું ગાઈને પોઢાડતી માતાને જોઈને કોઈને વળી એવું લખવાનું મન થયું કે- હાલરડું એટલે 'મા'. નામના પ્રેમ પ્રદેશનું 'રાષ્ટ્રગીત બાળક અને હાલરડાંની વાત 'મા' સાથે જોડાય ત્યારે ઝવેરચંદ મેઘાણી યાદ આવ્યા વિના ન રહે. એમના શબ્દોનો કસબ તો જુઓ!-

જનનીના હૈયામાં પોઢતાં પોઢતાં પીધો કસુંબીનો રંગ,
એના ધોળા ધાવણ કેરી ધારાએ ધારાએ પામ્યો કસુંબીનો રંગ,
હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ.

કોઈપણ કવિએ 'મા' શબ્દને સંવેદનાના સૂરમાં ઢાળ્યો નહીં ગોય એવું ભાગ્યે જ હશે.. કારણ કે સંવેદના કવિની મૂડી છે અને માતાની પ્રકૃતિ છે. એવું ત્રિભુવન વ્યાસનું કવિત માણવા જેવું છે-

જગદીશ્વરની કરુણા મૂરત
વહતી વત્સલતાના પૂર,
સંસ્કારોની જીવંત સરિત
પ્રેમે અદ્‌ભુત પાતી નૂર.
પ્રિય કામદૂધા વિશ્વંભરની
જગમાં જુગ જુગ જીવો જનની.

નવસર્જનની અખૂટ કેડીએ અવિરત ચાલતાં માતા-પિતા વિશે કવિએ ગાયું છે-

માતા ધરતી પિતા આકાશ
બને વચ્ચે સૂરીલો પ્રાસ,
માતા હવા પિતા શ્વાસ
બ્રહ્માંડનો આ સર્જન રાસ.

કવિવર રવીન્દ્રનાથી ટાગોર કહ્યું છે, 'મા'નો અર્થ દુનિયાની બધી જ ભાષાએ 'મા' જ થાય છે. માતાને આપણે સંસ્કૃતમાં માતૃ કહીએ છીએ. જગત જેને મા કહે છે તે 'માતૃ' પરથી જ બનેલો શબ્દ છે. મેકિસમ ગોર્કીના 'મધર' નામની કૃતિએ રશિયામાં ક્રાંતિ સર્જી. જગતના હજારો- લાખો-કરોડો. 'અધર' 'મધર' શબ્દનું ઉચ્ચારણ કરતાં ગદ્‌ગદ્ થઈ ઊઠે છે.

કવિ ન્હાનાલાલે એમની આગવી શૈલીમાં માતાને આ રીતે વ્યાખ્યાયિત કરી છે- 'વર્તમાનને તીરે ઊભી ભવિષ્ય રચતી, મન્વંતરો સાંકળતી માતાઓ છે સૃષ્ટિવિકાસની સહાયક મહાદેવીઓ.' શેકસપિયરે પણ માતાને એવું કહી બિરદાવી છે કે યૌવન ચાલી જાય છે, પ્રેમ ઓસરી જાય છે, મિત્રતા ખરી પડે છે પણ માતાનો પ્રેમ સદા વધતો ને વધતો રહે છે. ખલિલ જિબ્રાન જેવો મહાન ચિંતક એમ કહે છે કે માનવજાતિના હોઠ પરનો સૌથી સુંદર શબ્દ છે 'મા' અને સૌથી સુંદર સાદ હોય તો તે છે, 'મારી મા!'

'માતા' નો મહિમા અપરંપાર છે. એ જન્મદાત્રી છે, સૃષ્ટિનું સંવર્ધન કરે છે અને બાળકને સંસ્કારોથી પરિપૂર્ણ કરે છે. માતા સંસ્કારોની ગંગોત્રી છે. પ્રાણના ભોગે પણ બાળક- બચ્ચાનો જીવન બચાવવાનું કામ માતા કરે છે. સંકટો અને કષ્ટોથી બાળકનું રક્ષણ કરવા એ ઢાલની જેમ ઊભી રહે છે. અસીમ ધૈર્યથી એ બાળકને ઉછેરે છે. ચાલો, ઉમાશંકર જોશીના શબ્દોની ભાવસરિતામાં ફરી ભીંજાઈએ-

ગોઠણિયે ચાલતો શિશુ હતો ને
પગભર તેં મને કીધો,
પા-પા પગલીએ ચલવી
પૃથ્વીના પંથોનો વારસો દીધો.

જૈન મુનિ ધનંજયવિજય કહે છે, 'દૂધનું દાન માત્ર બે જ જણ આપી શકયા છે, એક મા અને બીજા મહાવીર ભગવાન!'

શબ્દકોશમાં 'મા'નો શબ્દાર્થ મળશે પણ 'મા'નો ભાવાર્થ તો હૃદયકોશમાંથી જ મળશે. કવિ દામોદર બોટાદકરને પણ એમની અપ્રતિમ રચના માટે યાદ કરીએ-

અમી ભરેલી એની આંખડી રે લોલ
વહાલના ભરેલા એના વેણ રે
જનની જોડ સખી નહીં જડે રે લોલ.

એક પલ્લામાં જગતની તમામ સુવિધાઓ મૂકો અને બીજા પલ્લામાં ફકત માનો પ્રમ મૂકો. મા વાળું પલ્લું નમી જશે. ચાલો પ્રકૃતિનો ટહુકો સાંભળીએ...

નદીને કોઈએ કહ્યું : આ કાંઠે ઉગેલાં વૃક્ષો જો તને કેવો પજવે છે?
તારા પાણીમાં પાંદડાં નાખી એને ગંદુ કરે છે.
વૃક્ષો પર બેઠેલાં પંખી તારા પર
જાત-જાતનો કચરો નાંખે છે..
તું એમને ઉખેડીને ફેંકી દેને!
નદી એ કહ્યું : એવું કેવી રીતે થાય?
મારા પાણીથી પોષી મેં એમને ઉછેર્યાં છે,
હું એમની મા છું.

તારાઓ આકાશની કવિતા છે, તો માતા પૃથ્વીની કવિતા છે. 'માતા' શબ્દને સાર્થક કરવા માટે ભારતીય સંસ્કૃતિએ ધરતી, નદી, તુલસી એ બધાની સાથે માતા શબ્દને જોડયો છે કારણ કે એ બધાં માનવજાતને ઉપકારક છે. જયંત પાઠકે આવું કહીને 'મા'ને બિરદાવી છે..

રડે ત્યારે છાનું રાખે, હસે ત્યારે સામું હસે,
છાતીએ ચાંપે તે તો કોઈ બીજું જ હોય,
પણ ... રડતાં ને હસતાં, છાતીએ ચાંપતાં
જેવી આંખમાં ઝળઝળિયાં આવી જાય,
તે તો 'મા' જ.

આ સૃષ્ટિના સહુ કોઈએ માતાના વ્યક્તિત્વની અનુભૂતિ કરી છે.
એના શબ્દે શબ્દમાં આર્દ્રતા અને ભીનાશ ભરેલી હોય છે.
એના પ્રત્યેક વ્યવહારમાં લાગણીનું ઊંડાણ હોય છે.
અને માટે જ... પ્રભુને પણ અવતરવું પડે છે,
ને માની ગોદમાં રમવું પડે છે.
મા એ તો મા છે
બધાને ત્યાં વિરમવું પડે છે.

તો ચાલો, આપણે પણ માતાના ગુણ-વૈભવની કયારેય ન ખૂટનારી વાતોને અહીં થોડો વિરામ આપીએ...